# બે અન્તીમોની વચ્ચે

–આશા વીરેન્દ્ર

કૉલેજમાંથી બેડમીંટન રમવા માટે અમારું સીલેક્શન થયું હતું. અમારે પુના રમવા માટે જવાનું હતું. અમે એટલે હું અને નીલુ. નીલુ એટલે આછી લીલાશ પડતી મદમસ્ત આંખવાળી, સરસ્વતી કૉલોનીમાં આવેલા મહેલ જેવા બંગલાની રાજકુમારી. અને હું? હું એટલે ભીમકુમાર. નીલુ માટે ફક્ત કુમાર અને બાકી બધા માટે ભીમો. આંબેડકર નગરમાં રહેનારો એક દલીત, અછુત ભીમો. મેં નીલુથી મારી અસલીયત છુપાવી રાખેલી. એ મને એટલી ગમતી કે હું કોણ છું એ જણાવીને એને ગુમાવવા નહોતો માગતો. એને મારે માટે શંકા જાય એવું નહોતું; કારણ કે હું તો હતો, 'રુપે, રંગે, પુરો; દીસંતો કોડીલો, કોડામણો.'

મા હમ્મેશાં કહેતી :

'ભીમા, આવો રુડો, રુપાળો તું મારા પેટે કાં જનમ્યો? જનમવું 'તું ને કો'ક લાટસા'બને ઘેર. અહીંયાં તો તને શું મળવાનું? ગાળ, ગલોચ, અપમાન ને મારપીટ!'

પણ મારા મનમાં ઉંડે ઉંડે એવું હતું કે ના, નીલુ મારી સાથે એવું ન કરે. એ મને એટલું ચાહે છે કે જરુર મારી પત્ની બનવા તૈયાર થશે.

'અરે, અરે ! એ રસ્તે ક્યાં જાય છે? એ તો ગંદા લોકોની વસ્તી છે!' ગંદા લોકો, ગંદા લોકો.... મારા કાનમાં આ શબ્દો પડઘાતા રહ્યા. 'આંબેડકર નગર'નું તુટેલું પાટીયું ઓળંગીને હું ઘર તરફ આગળ વધ્યો ત્યારે ચારે બાજુથી આવતી દુર્ગંધથી મારું માથું ફાટવા લાગ્યું. કોઈ દીવસ નહીં ને તે દીવસે મને ઉબકા આવવા લાગ્યા.

મા બોલી, 'ચાલ ભીમા, ખાવા બેહી જા.' પણ મારું ચીત્ત ઠેકાણે નહોતું. હજીયે મને 'ગંદા લોકો, ગંદા લોકો,' એ જ શબ્દો સંભળાયા કરતા હતા. બીચારી માના કોઈ વાંક વગર, હું એની ઉપર ભડકી ઉઠ્યો, 'જા, નથી ખાવું મારે. જ્યારે હોય ત્યારે ભીમા, ખાઈ લે; ભીમા, ખાઈ લે કર્યા કરે છે!'

મા સરસ્વતી કૉલોનીમાં સોસાયટીનાં ઘરેઘરેથી કચરો લેવા અને લોકોનાં જાજરુ સાફ કરવા જતી. એક દીવસ નીલુ વાતવાતમાં બોલી, 'અમારી કૉલોનીમાં આ આંબેડકર નગરમાંથી બાઈઓ કામ કરવા આવે છે ને એમને જોઈને જ મને એટલી સુગ ચડે છે કે..'

મને ફાટેલી સાડીનો કાછડો મારીને કામ કરતી મારી મા દેખાવા લાગી. મેં કહ્યું, 'એવું ન વીચારવું જોઈએ, નીલુ, એ લોકો આપણી ગંદકી સાફ કરે છે, ત્યારે આપણે આટલા ચોખ્ખા દેખાઈએ છીએ. એ જો બે દીવસ ન આવે ને તો..'

નીલુ એકદમ ગુસ્સે થઈ ગઈ, 'કેમ? તને એ લોકોનું કંઈ બહુ પેટમાં દુઃખે છે ને! એમનો નેતા બનવાનો છે કે શું?'

ત્યારે તો હું ચુપ થઈ ગયો; પણ દીવસેદીવસે મારા મનનું તોફાન વધતું જતું હતું, શું કરું? નીલુને સાચી વાત જણાવું કે નહીં? ખબર પડ્યા પછીનું એનું વર્તન કેવું હશે? અન્તે જેનાથી હું દુર ભાગતો હતો, એ પરીસ્થીતી સામે આવીને ઉભી રહી. હું અને નીલુ કૉલેજના કમ્પાઉન્ડમાં બાંકડા પર બેસીને વાતો કરી રહ્યાં હતાં, ત્યાં ઓચીન્તો આવીને મયંક મને કહેવા લાગ્યો, 'યાર, ગઈ કાલે તમારા આંબેડકર નગરમાં શી બબાલ થઈ ગઈ? આજના પેપરમાં આવ્યું છે કે, દેશી દારુ પીને તમારી વસ્તીમાં દસબાર જણ બહુ માંદા પડી ગયા!'

ખલ્લાસ! અત્યાર સુધી મારી જાત પર ઓઢી રાખેલું આવરણ પવનની એક જ ઝાપટથી ઉડી ગયું. હું ખુલ્લો પડી ગયો. કાળઝાળ થતી નીલુ ફટાક કરતી બાંકડા પરથી ઉભી થઈ ગઈ. ક્રોધથી ધ્રુજતા અવાજે એ બોલી,

'યુ ચીટર, યુ લાયર, અન્તે તો તું તારી જાત પર જ ગયો ને! આઈ હેટ યુ..'

અમારી સાથે ભણતા ચીરાગ સાથે નીલુનાં લગ્ન થવાનાં હતાં એ સમાચાર મને મયંક પાસેથી મળ્યા હતા. એ દીવસોમાં મને ચારે બાજુથી ઉદાસી ઘેરી વળી હતી. કોણે બનાવ્યાં આ જાત–પાત, આ ઉંચ–નીચ, આ દલીત ને આ ઉજળીયાત! અમારેય એ સૌની માફક બે હાથ, બે પગ, એક ચહેરો ને એક હૈયું નથી? પણ મારા આ બધા સવાલો નીરુત્તર રહેવા સર્જાયેલા હતા. કોઈ પાસે આનો જવાબ હોય તો આપે ને!

મા મને નવી નાઈલોનની સાડી બતાવતી હતી. 'જો ભીમા, સરસ્વતી કૉલોનીમાં હું કામે જાઉં છું ને તાં હેઠની બેબલીનાં લગન છે, એની જાન આવવાની ને એમાં મારે માથે બત્તી લેઈને હાલવાનું છે. ઈ ટાણે પે'રવા હેઠે મને આ નવ્વી હાડી આલી.' એ ખુશ થઈને વારંવાર સુંવાળી સાડી પર હાથ ફેરવતી હતી.

લગ્નને દીવસે હું સુનમુન થઈને ઘરમાં બેઠો હતો. મારી નજર સામે વારંવાર સોળે શણગાર સજેલી નીલુ દેખાતી હતી. અને હસતાં હસતાં મારી ઠેકડી ઉડાડતી હતી, ‘શું જોઈને આવ્યો ’તો મને પ્રેમ કરવા? તારી ઓકાતનું ભાન હતું?’

ત્યાં જ પાડોશીનો જગલો શ્વાસભેર આવીને કહેવા લાગ્યો, ‘ ભીમા, ભીમા તારી મા...’

‘શુ થયું મારી માને?’ મારો સાદ ફાટી ગયો.

‘એણે માથે ઉપાડેલી ગેસની બત્તી ફાટી ને એણે નાઈલોનની સાડી પહેરેલી હતી ને તે..’

સરકારી હૉસ્પિટલમાં હું પહોંચ્યો ત્યારે તો ખેલ ખતમ થઈ ચુક્યો હતો. ઘરે જઈને હું આજુબાજુના થોડા લોકોને ભેગા કરીને લઈ આવું એમ વીચારીને હું જાહેર રસ્તા પર આવ્યો.

બરાબર ત્યારે જ ફરતીફરતી જાન સામેથી આવી. મેં જોયું તો માનું સ્થાન બીજી દલીત મહીલાએ લઈ લીધું હતું. માથે બત્તી ઉપાડીને એ મલકતી મલકતી ચાલતી હતી. બેન્ડ પર ધુન વાગતી હતી :

‘રાજાકી આયેગી બારાત, રંગીલી હોગી રાત...!’

મેં નીચું જોઈને આંબેડકરનગર ભણી પગ ઉપાડ્યા.

એક બાજુ હતી બારાત, બીજી તરફ મૈયત અને બેની વચ્ચે હતો હું.

(‘શરણકુમાર લંબાલે’ની ‘મરાઠી’ વાર્તાને આધારે....)

‘ભુમીપુત્ર’ પાક્ષીકના છેલ્લા પાન પરથી લેખીકાની સમ્મતીથી સાભાર..

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, ‘દેવદર્શન’, પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: બારમું – અંક: 375 –May 28, 2017

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,36,70,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 77,63,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,27,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 6,01,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@